# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે જાહેર કરાયેલા સહાય પેકેજનું પોર્ટલ આજથી શરૂ થશે.**
2. **રાજ્યમાં રોડ-રસ્તાના કામોની ગુણવત્તામાં બાંધછોડ ન ચલાવવા અધિકારીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સ્પષ્ટ નિર્દેશ.**
3. **સીએમ ડેશબોર્ડની કામગીરીમાં ફરી એકવાર ગીર સોમનાથ જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે.**
4. **ઉત્તર-પૂર્વના પવનના કારણે રાજ્યના પૂર્વ ભાગમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો.**
5. **સુરતનો 25 વર્ષીય ટેનિસ સ્ટાર માનવ ઠક્કર વિશ્વ ટેબલ ટેનિસના ટોચના 35માં સ્થાન મેળવનાર પાંચમો ભારતીય બન્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KRUSHI PACKAGE PORTAL

**કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે જાહેર કરાયેલા સહાય પેકેજનું પોર્ટલ આજથી શરૂ થશે. ખેડૂતો આજે બપોરે 12 કલાકથી 15 દિવસ સુધી KRP.GUJARAT.GOV.IN પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકશે.**

**સાંભળીએ એક અહેવાલ..**

## (વોઇસ કાસ્ટ : મયુર સોલંકી )

*રાજ્યના 16 હજાર 500 થી વધુ ગામમાં નુકસાનીના સરવે બાદ હવે ગામોનું ઑનલાઈન અરજીના પૉર્ટલ સાથે મેપિંગ કરાશે. અરજી માટે ખેડૂતોએ કોઈ ચૂકવણું કરવું નહીં પડે. મળવાપાત્ર સહાય જાહેર નાણાકીય વ્યવસ્થાપન પ્રણાલિ – PFMS કે વાસ્તવિક સમય એકંદર વ્યવસ્થા – RTGS મારફતે સીધી જ સહાયની ચૂકવણી – DBT પદ્ધતિથી લાભાર્થી ખેડૂતોના બૅન્ક ખાતામાં સીધી જમા કરાવાશે. પૉર્ટલ પર ખેડૂતોને અરજી કરવા ગ્રામ્ય કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક– VCE કે ગ્રામ્ય સ્તરના ઉદ્યોગસાહસિક - VLE મદદરૂપ થશે. ઠરાવ મુજબના સાધનિક કાગળો સાથે નિયમાનુસાર પાત્રતા ધરાવતા ખેડૂતોએ અરજી કરવાની રહેશે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ*

---

# CM MEET

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરી માર્ગો તથા મહાનગરો અને નગરોના રોડ-રસ્તાના કામોની ગુણવત્તામાં બાંધછોડ ચલાવશે નહી તેવા સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા.**

**ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , નાણાં મંત્રી કનુ દેસાઈ અને મુખ્ય સચિવ એમ.કે.દાસની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્દેશો આપ્યા હતા. મહાનગરોના મેયર , સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ, મ્યુનિસિપલ**

કમિશનર આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સીંગથી જોડાયા હતા અને તેમના નગરો-મહાનગરોની રોડ-રસ્તાની સ્થિતિની વિગતો મુખ્યમંત્રીને આપી હતી.

શ્રી પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે , માર્ગો પરના ખાડા પુરવાના કામો અગ્રતા ક્રમે હાથ ધરાય એટલુ જ નહી , સંબંધિત અધિકારીઓ નિયમિત પણે ફિલ્ડ વિઝીટ કરીને કામોની ગુણવત્તા ચકાસતા રહે અને 30 નવેમ્બર સુધીમાં માર્ગોની સ્થિતિનો સ્થળ અહેવાલ રજૂ કરવા પણ સૂચના આપવામાં આવી.

---

## RAJYPAL - SAVARKUNDALA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગઇકાલે તેમના અમરેલી જિલ્લાના પ્રવાસ દરમિયાન સાવરકુંડલા તાલુકાના બગોયા ગામની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેમણે "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત બગોયા પ્રાથમિક શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું અને "સ્વચ્છતા હી સેવા" અભિયાનમાં સહભાગી બન્યા. શ્રી દેવવ્રત "ગ્રામ કલ્યાણ કાર્યક્રમ" અંતર્ગત ગ્રામસભામાં પણ જોડાયા હતા.

આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે સ્વચ્છતા જાળવવા અને પ્રાકૃતિક ખેતી કરવા માટે લોકોને અપીલ કરી. તેમણે દરેક બાળકને સંસ્કાર સાથે શિક્ષિત અને દિક્ષિત બનાવવા , ભારતના શ્રેષ્ઠ નાગરિક બનવા અને નશામુકત જીવનશૈલી અપનાવવા પણ અનુરોધ કર્યો.

---

# GIR SOMNATH CM DASHBOARD

ગીર સોમનાથ જિલ્લાએ સી.એમ.ડેશબોર્ડની કામગીરીમાં ફરી એકવાર સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે.

વર્તમાન કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની અધ્યક્ષતામાં વિવિધ કામગીરી અને યોજનાઓ તથા સરકારી કામગીરીનો માસિક સમિક્ષા કરવામાં આવી. ટૂંકાગાળામાં જિલ્લાએ સમગ્ર રાજ્યમાં સરકારી કામગીરીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, તમામ જિલ્લાઓ રાજ્ય સરકારની યોજનાઓ અને તેના અમલીકરણના વિવિધ પાસાઓ અંગેની વિગતો ડેશબોર્ડ પર નિયમિત રીતે મૂકે છે.

---

## WORLD DIABETES DAY

**સમગ્ર દેશમાં આજે 14 નવેમ્બરને વિશ્વ મધુપ્રમેહ દિવસ તરીકે મનાવાશે. તેના ભાગરૂપે રાજ્યના જિલ્લાઓ અને મહાનગરોના તમામ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં રોગની અટકાયત , નિયંત્રણ, વહેલા નિદાન અને સારવારના વ્યવસ્થાપન અંગે લોકોમાં જાગૃતિ લાવવા આજે વિશેષ ઝૂંબેશ હાથ ધરાઈ છે. સાંભળીએ એક અહેવાલ.**

## (વૉઈસકાસ્ટઃ મિત્તલ પટેલ)

*(.... યુવાનોમાં વધતા જતા બિનચેપી રોગના જોખમને અટકાવવા અને નિયંત્રણ માટે એક પહેલ સ્વરૂપે બિનચેપી રોગની અટકાયત અને નિયંત્રણ કાર્યક્રમ શરૂ કરાયો છે. રાજ્યમાં ગયા વર્ષે બિનચેપી રોગની અટકાયત માટે તપાસની વિશેષ ઝૂંબેશમાં 30 વર્ષ કે તેથી વધુ વયના લોકો પૈકી મધુપ્રમેહ માટે કુલ એક કરોડ પાચં લાખ 11 હજાર 273 લોકોની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી. તેમાંથી મધુપ્રમેહ અને હાયપરટૅન્શનમાં નિદાન પામેલા દર્દીઓને આરોગ્ય કેન્દ્રો-હૉસ્પિટલ્સથી દાક્તરી સલાહ મુજબ વિનામૂલ્યે*

*સારવાર અપાઈ. ઉપરાંત સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત રાજ્યની કુલ 15 હજાર 74 હજાર 653 મહિલાની મધુપ્રમેહ માટે તપાસ કરી તેમનું નિદાન કરાયું હતું.*

*મિત્તલ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.*

---

# TRISHUL ABHYAS - PORBANDAR

પોરબંદર જિલ્લાના માધવપુરમા ત્રિ-સેવા અભ્યાસ 2025 “ત્રિશૂલ”નું આયોજન કરાયું. ભારતીય નૌસેના , થલસેના અને વાયુસેનાની સંયુક્ત ભાગીદારી સાથે આયોજિત આ અભ્યાસમાં ભારતીય નૌસેનાના પશ્ચિમ નૌસેના કમાન્ડે નેતૃત્વ કર્યું હતું.

આ અભ્યાસ દરમિયાન રાજસ્થાન અને ગુજરાતના ક્રીક અને રણ વિસ્તાર તેમજ ઉત્તર અરબ સાગરના સમુદ્રી ક્ષેત્રમાં વિવિધ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. આ અભ્યાસમાં ભારતીય કોસ્ટ ગાર્ડ , બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને અન્ય કેન્દ્રિય એજન્સીઓએ પણ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે , આ અભ્યાસનો મુખ્ય હેતુ ત્રણેય સેનાઓ વચ્ચેના સહકારને વધારવાનો , બહુવિસ્તૃત ક્ષેત્રોમાં સંકલિત ઓપરેશનલ પ્રક્રિયાઓને ચકાસવાનો અને સુમેળ લાવવાનો તેમજ પ્લેટફોર્મ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પરસ્પર ઉપયોગની ક્ષમતા વધારવી , સેનાઓ વચ્ચેના નેટવર્ક્સનું એકીકરણ મજબૂત બનાવવું અને સંયુક્ત કામગીરીમાં સંકલન વધારવાનો છે.

---

# WEATHER

આગામી સાત દિવસ સુધી રાજ્યનું વાતાવરણ સૂકું રહેશે. આ સમયગાળા દરમિયાન તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા નહીં મળે.

હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસે જણાવ્યું , હાલમાં ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવન ફૂંકાઈ રહ્યા છે. ભેજમાં વધારો થવાથી રાજ્યના પશ્ચિમ વિસ્તારમાં તાપમાન યથાવત રહ્યું છે, જ્યારે ઉત્તર-પૂર્વના પવનના કારણે રાજ્યના પૂર્વ ભાગમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

---

# TEKA NA BHAVE KHARIDI – RAJKOT, ARVALLI

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ 29 કેન્દ્રો પર ખરીદીની પ્રક્રિયા ચાલી રહી છે.

જિલ્લા ખેતીવાડી અધિકારીના જણાવ્યા મુજબ , જિલ્લામાં ટેકાના ભાવે મગફળી વેચવા માટે અંદાજે કુલ 1 લાખ 77 હજારથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ખેડૂતો પાસેથી 94 લાખ કિલોથી વધુની મગફળીની ખરીદી કરવામાં આવી છે જ્યારે મગ, અડદ અને સોયાબીનની ખરીદી ટૂંક સમયમાં શરૂ થશે. ખેડૂતોને મગફળીના પ્રતિ ક્વિન્ટલ 7 હજાર 263 રૂપિયા ટેકનો ભાવ ચૂકવાય છે.

જ્યારે અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાની એપીએમસી માર્કેટમાં પણ મગફળીની ખીદી ચાલી રહી છે. આ વર્ષે મગફળીનો ભાવ એક હજાર 450 રૂપિયા કરતા વધારે હોવાથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

(બાઈટ – મહેન્ર્  બારોટ,ખેડૂત)

---

## BADMINTON MANAV

સુરતનો 25 વર્ષીય ટેનિસ સ્ટાર માનવ ઠક્કર વિશ્વ ટેબલ ટેનિસના ટોચના 35માં સ્થાન મેળવનાર પાંચમો ભારતીય બન્યો છે. ટોચના 35માં સ્થાન મેળવનાર માનવ ત્રીજો પુરુષ ખેલાડી છે.

આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ફેડરેશનના 2025ના 46મા સપ્તાહ માટેના તાજેતરમાં જ જાહેર થયેલા ક્રમાંક મુજબ માનવ ઠક્કરે નવા 35મા ક્રમ સાથે ત્રણ ક્રમની આગેકૂચ કરી છે.

આ સિદ્ધિ સાથે માનવ ભારતના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓ એ.શરથ કમાલ , જી. સાથિયાન, શ્રીજા અકુલા અને મનિકા બત્રાની હરોળમાં આવી ગયો છે.

---

## EVE RAJKOT INDIA S AFRICA MATCH

રાજકોટના ખંડેરીમાં ત્રણ મૅચની એક દિવસીય મૅચની શ્રેણીની પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકા-એ સામે ભારત-એનો ચાર વિકેટે વિજય થયો છે.

ગઇકાલે નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલા આ મુકાબલામાં દક્ષિણ આફ્રિકાએ પહેલા બેટિંગ કરી નિર્ધારિત 50 ઑવરમાં નવ વિકેટ ગુમાવી 285 રન બનાવ્યા. 286 રનના લક્ષ્યાંકને 49 ઓવર અને બોલમાં હાંસલ કર્યો.

ભારતના ઋતુરાજ ગાયકવાડે શાનદાર સદી નોંધાવતા 117 રન કર્યા હતા.

---

## TAPI JAN JATIY

રાજ્યમાં ચાલી રહેલ જનજાતીય ગૌરવ વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે , ત્યારે તાપીના વ્યારામાં ભગવાન બિરસા મુંડાની માનવ સાંકળ રૂપી પ્રતિકૃતિ બનાવાઇ હતી.

આ અંગે ધારાસભ્ય મોહન કોંકણીએ વધુ માહિતી આપી

### બાઈટ: મોહન કોંકણી (ધારાસભ્ય)

---